**આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: SJED/ACM/e-file/17/2022/1479/A-1 Section**
**સચિવાલય, ગાંધીનગર.**

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) આ વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૨) આ વિભાગનો તા.૧૧/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૩) આ વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૧નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૪) આ વિભાગનો તા.૩૦/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૫) આ વિભાગનો તા.૧૩/૦૨/૨૦૨૩નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧

(૬) આ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:SJED/ACM/e-file/17/2022/1479/A-1 Section

(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૧૦/૨૦૨૪નો પત્ર ક્ર:વિજાક/આનિશા/૨૦૨૪-૨૫/૮૬૬-૬૭

**<u>આમુખ:-</u>**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયાર, ૭, શ્રદ્ધા સોસાયટી, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગરનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩, પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પુરા) અથવા માર્ગ અને મકાન વિભાગ નક્કી કરે તે પૈકી જે ઓછું હોય તે પ્રમાણે મકાનનો કબજો લેવામાં આવે તે તારીખથી એક વર્ષ માટે ભાડે રાખવાની શરતોને આધીન મંજૂરી આપવામાં આવેલ હતી. સદરહુ મકાનના કબજાની મુદત પૂર્ણ થતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨), (૩),(૪),(૫) અને (૬) પરના અનુક્રમે તા.૧૧/૧૨/૨૦૧૯, તા.૦૯/૦૨/૨૦૨૧, તા.૩૦/૦૫/૨૦૨૨, તા.૧૩/૦૨/૨૦૨૩ અને તા.૩૧/૦૭/૨૦૨૪ના અલગ-અલગ ઠરાવોથી વખતોવખત મુદતમાં વધારો કરી તા.૩૦/૦૯/૨૦૨૪ સુધી મકાન ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ મુદત તા.૩૦/૦૯/૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલ હોવાથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના તા.૦૩/૧૦/૨૦૨૪ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યાના નવા મકાનનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રતિ માસ રૂ.૧,૧૦,૦૦૦/- ભાડેથી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયારનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પુરા)ના ભાડેથી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી અથવા સરકારી મકાન ઉપલબ્ધ થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Apr-2025 (03:30 PM)

**શરતો:-**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.
(૨) આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.
(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.
(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
(૭) સદરહુ આદર્શ નિવાસી શાળા માટે સરકારી મકાન બાંધકામની હવે પછીની તમામ કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીની રહેશે.
(૮) ફાયર સેફ્ટી અંગેની વખતોવખતની સરકારશ્રીની ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.
(૯) આ મકાનનો વેરો(સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલિકા) મકાનમાલિકે ભરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Apr-2025 (03:30 PM)

**(કલ્પના રાણા)**
**ઉપ સચિવ**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરેન્દ્રનગર
(૫) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૭) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
(૮) સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.